અમરોલી પો.સ્ટે.ના કેમેરા ચોરીના ગુનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી
ગુનેગારને પકડી પાડતી, અમરોલી પોલીસ.

સુરત શહેરના અમરોલી પો.સ્ટે.ના પોલીસ અધિકારી/માણસો "અ"પડત ગુન્હાઓ શોધી કાઢવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન HC મનસુખ મોરારભાઈ તથા પો.કો પ્રતિકભાઈ લક્ષ્મણભાઈ નાઓને મળેલ બાતમી મારફતે એસ.એમ.સી.આવાસ કોસાડ, અમરોલી, સુરત ખાતે રહેતો આરોપી હિરેન ઉર્ફે સોનુ રાજુભાઈ નિખાર કે જે ચોરીનો કાળા કલરનો કેનોન કંપનીનો ચોરીનો ડીજીટલ કેમેરો કાળા કલરની બેગમાં લઈને અમરોલી, કોસાડ, એચ-૧ ના ગેટ પાસે કેમેરો વેચવાના ઈરાદે ઉભેલો છે. જે બાતમી વાળી જગ્યાએ જઈ આરોપી (૧) હિરેન ઉર્ફે સોનુ રાજુભાઈ નિખાર ઉ.વ.૨૧ રહે. એચ-૪, બિ ન-૩૦૭/એ/૧૦, કોસાડ આવાસ, અમરોલી, સુરત મુળ રહે.નાગપુર (મહારાષ્ટ્ર)ની અંગઝડતી કરતા એક કેનોન કંપનીનો ૨૦૦ ડી.મોડલનો કાળા કલરનો ડીજીટલ કેમેરાની કિ.રૂ ૪૮,000/-નો મુદ્દામાલ કબ્જે કરેલ અને સદરી ઈસમની પુછપરછ કરતા સદર કેમેરો આજથી વીસેક દિવસ પહેલા પોતાના મિત્રના ઘરેથી ચોરી કરેલાની કબુલાત કરેલ. જે બાબતે અમરોલી પો.સ્ટે. । ગુ.ર.નં.૧૦૮/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૮૦ મુજબનો ગુન્હો દાખલ થયેલ. જે વણશોધાયેલ હોય, જે ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.